ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# કે.પી. એંગ્લો વિદ્યાનીટના 12 વિદ્યાર્થીએ NEET પાસ કરી



સુરત: મેડિકલ પ્રવેશ પરીક્ષા NEETનાં પરિણામો જાહેર થતાં કે.પી એંગ્લો વિદ્યાનીટ શાળાના પરીક્ષા આપનારા ૧૪ વિદ્યાર્થીઓમાંથી ૧૨ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. આ પ્રતિષ્ઠિત પરીક્ષા પાસ કરીને સંસ્થા અને પોતાના માતા-પિતાનું નામ રોશન કર્યું છે. સંસ્થાના પ્રમુખ ડો. નસીમ જી.કાદરી અને માનદમંત્રી મુલ્લા અબ્દુલહય અબ્દુલઅઝીઝે જણાવ્યું હતું કે, આ સફળતા માત્ર વિદ્યાર્થીઓની જ નથી, પરંતુ તેમના માતા-પિતાના વિશ્વાસ અને અમારા અનુભવી શિક્ષકોના યોગ્ય માર્ગદર્શનનું પરિણામ છે. તમામ વિદ્યાર્થીઓએ પોતાની સફળતાનો શ્રેય સંસ્થાના શિસ્તબદ્ધ વાતાવરણ, નિયમિત ટેસ્ટ સીરીઝ અને ડાઉટ સોલ્વિંગ સેશન્સને આપ્યો હતો. કારોબારી સભ્યો દ્વારા ડો.ફારૂકભાઈ પટેલ (કે.પી)ને સન્માન્તિ કરવામાં આવ્યા હતા. કે.પી એંગ્લો વિદ્યાનીટના સંચાલક મોહંમદભાઈ પટેલ તથા વિદ્યાનીટના સ્ટાફ, સંસ્થા સહ-માનદમંત્રી ખાન હયાતખાન કાદરખાને પણ શુભેછાઓ પાઠવી હતી.

ગુજરાત ટુડે

# કે.પી. એંગ્લો વિદ્યાનીટનું નીટની પરીક્ષામાં યશસ્વી પરિણામ

## સંસ્થાના પ્રમુખ એડ.ડો.નસીમ કાદરીના સુકાનીપદે અને ડો.ફારૂકભાઈ પટેલ (કે.પી.)ના સહયોગ અને માર્ગદર્શનથી સંસ્થાના ૧૨ વિદ્યાર્થીઓ ઝળક્યા



(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૨

શિક્ષણે વિદ્યાર્થીઓ અને કોઈપણ શિક્ષણ સંસ્થાનો મજબૂત પાયાનો ગઢ હોય છે. સારા અને ગુણવત્તાસભર શિક્ષણથી જેમ વિદ્યાર્થીઓના ઉજ્જવળ થાય છે. તેમ સંસ્થાનું પણ નામ મોખરે ચડે છે. વિદ્યાર્થીઓની મહેનતના સથવારે શિક્ષણના સારા પરિણામથી સંસ્થાના સંચાલન અને શિક્ષકોની પણ નામના થતી હોય તેમ એક વર્ષ પૂર્વે જ કાર્યરત થઈ અને એંગ્લો ઉર્દૂ સંચાલિત કે.પી એંગ્લો વિદ્યાનીટમાં થોડા દિવસ પૂર્વે જ લેવાયેલ મેડિકલ પ્રવેશની નીટની પરિક્ષામાં ૧૪ વિદ્યાર્થીઓ માંથી આ સંસ્થાના ૧૨ જેટલા વિદ્યાર્થીઓ સારા પરિણામથી ઉત્તીર્ણ થતા એંગ્લો ઉર્દૂ હાઈસ્કુલના સંસ્થાના પ્રમુખ એડ.ડો.નસીમ કાદરીએ કહ્યું હતું કે, એંગ્લો ઉર્દૂ હાઈસ્કૂલમાં પોતાનું મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર કે.પી.ગ્રુપના સી.એમ.ડી ડો.ફારૂકભાઈ પટેલના માર્ગદર્શક હેઠળ અને સહયોગથી તેમના પ્રમુખપદ પદ દરમ્યાન યશસ્વી પરિણામથી સંસ્થામાં હર્ષની લાગણી વ્યાપી જવા પામી છે. આ અંગે ધી.સુરત ડિસ્ટ્રીક્ટ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી સંચાલિત એંગ્લો ઉર્દૂ હાઈસ્કુલના પ્રમુખ એડ.ડો.નસીમ કાદરીએ વધુમાં કહ્યું હતું કે, દેશની સૌથી પ્રતિષ્ઠિત ગણાતી પ્રવેશ પરીક્ષા મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET (National Eligibility cum Entrance Test)ના પરિણામો જાહેર થતાં જ અમારી સંસ્થાની કે.પી એંગ્લો વિદ્યાનીટ શાળામાં ભારે ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. આ વર્ષે પણ તેમની સંસ્થાના વિદ્યાર્થીઓએ પોતાની સખત મહેનત અને સમર્પણના જોરે ઝળહળતી સફળતા પ્રાપ્ત હતી. સંસ્થા સંચાલિત કે.પી.એંગ્લો માંથી પરીક્ષા આપનાર ૧૪ વિદ્યાર્થીઓ માંથી ૧૨ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. આ પ્રતિષ્ઠિત પરીક્ષાઓ પાસ કરીને સંસ્થા અને પોતાના માતા-પિતાનું નામ રોશન કર્યું હતું. તેમજ વિદ્યાર્થીઓની આ અસાધારણ સફળતા બદલ સંસ્થાના પ્રમુખ એડ.ડો. નસીમ જી.કાદરી અને માનદમંત્રી મુલ્લા અબ્દુલહય અબ્દુલઅઝીઝે જણાવ્યું હતું કે, આ સફળતા માત્ર વિદ્યાર્થીઓની જ નથી, પરંતુ તેમના માતા-પિતાના વિશ્વાસ અને તેમના અનુભવી શિક્ષકોના યોગ્ય માર્ગદર્શનનું પરિણામ છે. તમામ વિદ્યાર્થીઓએ પોતાની સફળતાનો શ્રેય સંસ્થાના શિસ્તબદ્ધ વાતાવરણ, નિયમિત ટેસ્ટ સીરીઝ અને ડાઉટ સોલ્વિંગ સેશન્સને આપ્યો હતો. સંસ્થાના તમામ શિક્ષકો અને ટ્રસ્ટી મંડળે તમામ સફળ ઉમેદવારોને ભવિષ્યમાં ડોક્ટર બનીને દેશની સેવા કરવા માટે હાર્દિક શુભેચ્છાઓ પણ પાઠવી હતી. દરમ્યાન આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ એડ.ડો. નસીમ જી.કાદરી તથા મુલ્લા અબ્દુલહય અબ્દુલઅઝીઝ અને અન્ય હોદ્દેદારો તથા કારોબારી સભ્યો દ્વારા ડો.ફારૂકભાઈ પટેલ (કે.પી)ને પુષ્પગુચ્છ દ્વારા સન્માનિત કરી હૃદય પૂર્વક આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. તેમજ ભવિષ્યમાં પણ એમના તરફથી યોગ્ય માર્ગદર્શન તેમજ મદદ મળતી રહેશે એવી આશા વ્યકત કરી હતી તેમજ આ ઉમદા કાર્ય માટે અલ્લાહ ડૉ.ફારૂકભાઈ પટેલ(કે.પી.)ને તંદુરસ્તી અને ઉમ્રદરાજ કરે એવી દુઆ ગુજારવામાં આવી હતી તેમજ આ પ્રસંગે કે.પી એંગ્લો વિદ્યાનીટના સંચાલક મોહંમદભાઈ પટેલ તથા વિદ્યાનીટના સ્ટાફ તથા ખાસ કરીને સંસ્થા સહ-માનદમંત્રી હયાતખાન કાદરખાન પણ શુભેછાઓ પાઠવીને એમને પણ અભિનંદન આપવામાં આવ્યા હોવાનું સંસ્થાના પ્રમુખ એડ.ડો. નસીમ કાદરીએ જણાવ્યું હતું.